આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૧૭-૦૪-૨૦૨૪ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

---

## પ્રથમ તબક્કા માટે ચુંટણી પ્રચાર થંભ્યો

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો આજે અંતિમ દિવસ છે.

તમામ રાજકીય દળો અને નેતાઓએ મતાદાતાઓને રિઝવવાના પૂરતા પ્રયાસો કર્યા છે. આ શુક્રવારે પ્રથમ તબક્કા માટે મતદાન થશે, જેમાં 17 રાજ્યો તેમજ ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોની મળીને કુલ 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે. જેમાં તમિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તર પ્રદેશની 8, મધ્ય પ્રદેશની 6, ઉત્તરાખંડ– આસામ અને મહારાષ્ટ્રમાં 5 બેઠકો, બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરૂણાચલ પ્રદેશ, મેઘાલયની બે-બે બેઠકો, જ્યારે છત્તીસગઢ, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કીમ, ત્રિપુરા, આંદમાન-નિકોબાર ટાપુ, જમ્મૂ કાશ્મીર, લક્ષદીપ અને પુડુચેરીમાં અનુક્રમે એક બેઠક માટે મતદાન થશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------------

## ચુંટણીપંચ દ્વારા દિવ્યાંગો,અશક્તો માટે હેલ્પલાઈન

જિલ્લામાં મતદાર યાદીમાં નામ ધરાવતા તમામ દિવ્યાંગ, અશક્ત વ્યક્તિઓ, સિનીયર સિટીઝન સાતમી મેના સરળતાથી મતદાન કરી શકે તે માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી ભુજ-કચ્છ ખાતે ટેલિફોન નં-૦૨૮૩૨-૨૫૬૦૩૮ ઉપર હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન સવારે ૧૦:૩૦થી સાંજના ૬:૦૦ સુધી કાર્યરત રહે છે. હેલ્પલાઈનની મદદથી

દિવ્યાંગ, અશક્ત વ્યક્તિઓ, સિનીયર સિટીઝન મતદાન સબંધિત મદદ માંગી શકે છે.

**(પરેશ મારૂ)**

---

## 100 વર્ષથી વધુના તેમજ વરિષ્ઠો માટે બેલેટ દ્વારા મતદાનની જોગવાઈ

જિલ્લામાં લોકશાહીના મહાપર્વમાં ૧૦૦ વર્ષથી વધુની ઉંમરના ૪૪૫ વરીષ્ઠ મતદારો નોંધાયા છે જેઓ મહાપર્વમાં જોડાઇને અન્યો માટે પ્રેરણારૂપ બનશે. ચૂંટણીપંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરવાળા વરીષ્ઠ નાગરીકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઇ કરી છે. ત્યારે જિલ્લામાં ૮૫ વર્ષથી વધુના ૧૪૪૨૭ મતદારો નોંધાયા છે જે આ જોગવાઇનો લાભ લઇ શકશે. જયારે શતાયુ ૪૪૫ મતદારો નોંધાયા છે. જેઓ પણ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકશે. મતદાર યાદી મુજબ અબડાસામાં ૮૫ વર્ષથી ઉપરના ૨૫૬૩ તથા ૧૦૦ વર્ષ ઉપરના ૮૩, માંડવીમાં ૨૨૪૨ તથા ૬૨ તથા ભુજમાં ૩૧૧૪ અને ૧૩૩, અંજારમાં ૧૯૮૬ તથા ૫૩, ગાંધીધામમાં ૨૦૪૪ તથા ૫૫ તેમજ રાપરમાં ૮૫ વર્ષ ઉપરના ૨૪૭૮ તેમજ શતાયુ ૫૯ વરીષ્ઠ નાગરિકો નોંધાયેલા છે.

**(પરેશ મારૂ)**

---

## તાપ અને લુથી બચવા તાકીદ કરાઈ

પ્રખર તાપ અને ગરમીના  કારણે લૂ લાગવાના કેસો નોંધાતા હોય છે જેમાં સમયસરની સારવાર લેવામાં ના આવે તો તે જીવલેણ સાબીત થાય છે. લૂ લાગવામાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધી જાય છે. જેથી શરીરમાં વિપરીત અસરો કરે છે, શરીર અને હાથપગમાં અસહ્ય દુખાવો, તરસ લાગવી, ગભરામણ થવી, ચકકર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા જેવા લક્ષણો છે.

જિલ્લા આરોગ્ય અધિકારી આર. આર. કુલમાલીએ ગરમી અને લૂથી બચવા કેટલાક ઉપાયો સૂચવતા આ પ્રમાણે જણાવ્યું.

(બાઇટ : આર.આર. કુલમાલી)

**(પરેશ મારૂ)**

---

# રામનવમી,સ્વામીનારાયણ જયંતિની ઉજવણી

આજે ચૈત્ર સુદ નોમ એટલે રામનવમીની રાજ્યભરમાં ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ રહી છે. અયોધ્યામાં ભગવાન શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રામનવમીના પ્રસંગે આજે બપોરે 12 વાગીને 16 મિનિટે અયોધ્યા મંદિરમાં બિરાજમાન ભગવાન રામલલ્લાની પ્રતિમાના મસ્તક પર સૂર્યનું તિલક કરવામાં આવ્યું હતું.

જીલ્લામાં વિવિધ મંદિરો ખાતે મહાઆરતી ,શોભાયાત્રા, બાઈક રેલી, સહિત સેવાકીય પ્રવૃતિઓ સાથે રામ જન્મોત્સવની ઉજવણી કરાઈ રહી છે. તો આજે સ્વામીનારાયણ જયંતિ નિમિતે રાસોત્સવ સહિતના આયોજનો સ્વામીનારાયણ સંપ્રદાય દ્વારા કરાયા છે. અંજાર, ગાંધીધામ, મુંદરા સહિતના શહેરોમાં દિવસભર રથયાત્રા સહિત વિવિધ ધાર્મિક સેવાકીય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

**(કલ્પના શાહ)**

---